ગાંધીનગર સમાચાર

પ્લાઝમાથેરાપી એટલે શું ?

(અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનને પણ કોરોના થયો ? ધ્યાન રાખજો આજ નઈ તો કાલ જયા સુધી કોરોનની દવા કે રસી નથી શોધાઈ ત્યાં સુધી કોરોના તમને પણ થઈ શકે ? ઉપાય શું ?)

(પ્લાઝમાથેરાપી એટલે શું ?)

(પ્લાઝમાથેરાપીનો ઉપયોગ કોરોનાની ટ્રીટમેન્ટ માટે થઈ શકે ?)

(કોરોનાની દવા નથી એ સંજોગોમાં પ્લાઝમાથેરાપી લાખોના જીવ બચાવવા શક્તિમાન છે ?)

અલ્યા ડાહ્યા, ગયા અઠવાડિયામાં આપણે ત્યાં ની શું કારણ હતું ગાંડા ? આપણે જો અઠવાડિયામાં ના મળીએ તો કંઈક ખૂટતું હોય એવું લાગે છે. ગાંડાથી રહેવાયું નઈ અને ડાહ્યા આને તો મિત્રતા કહેવાય. મિત્રતા એટલે કોઈ પણ જાતના બંધનમાં બંધાઈ જવું. મિત્રતામાં બંધન નથી હોતું અને હક પણ નથી હોતો. જયારે સંબંધમાં હક હોય છે. જયારે મિત્રતામાં બંધન વગરનું બંધન.

ગયા અઠવાડિયામાં ડાહ્યા દુકાને જઈને બેઠો. મારી તો ચોપડીઓની દુકાન છે. ૩૦-૪૦ ટકા થી વધારે ગ્રાહક આવતા નથી. ચારેબાજુ લોકો બૂમા પાડે છે. ગ્રાહક આવતા નથી... આવતા નથી. હાં ગાંડા લોકો ભયભીત છે અને લોકો કામ સિવાય બાર નીકળતા નથી. પણ આપણે થોડાક જ સમયમાં કોરોનામુક્ત થઈ જઈશું અને પાછા રાબેતા મુજબ રંગમાં આવી જઈશું.

અલ્યા ડાહ્યા, તે ગયા અઠવાડિયે પ્લાઝમાં થેરાપી પર કંઈક વાત કરતો હતો જરા માંડીએ કહે.

ગાંડા આમ ઊભા ઊભા વાત ના થાય ચલ વડની નીચે જઈને બેસીએ.ગાંડા, તારા પેન્ટની ચેન ખુલ્લી છે. બંધ કર. ચાલુ એવું છે ? તને મળવાની તલપમાં બધુ ભુલી જવાય છે. તો સાંભળ ગાંડા આ પ્લાઝમાથેરાપી એ બ્લડબેન્કનો વિષય છે.

આપણે સાંભળીયે છીએ રક્તદાન મહાદાન. રક્તદાન કરો એના જેવું મહાન કોઈ દાન નથી. રક્તદાન કરવા માટે બ્લડ બેન્કમાં જવું પડે. જેમાં તમારું વજન ૯૫ કિલો ઉપર હોય તમારી ઉંમર ૧૮થી વધારે હોય અને ૬૫થી ઓછી હોય તો તમે રક્તદાન કરી શકો. તમારું બ્લડ પ્રેશર નોર્મલ જોઈએ. ડાયાબિટીશ નોર્મલ જોઈએ.

તમારા લોહીના ટકા ૧૨.૫ ગ્રામની ઉપર જોઈએ. છ મહિનામાં તમને કમળો અને ટાઈફોઈડ જેવા રોગો ન થયેલા હોવા જોઈએ. તો જ તમારું લોહી બ્લડબેન્કવાળા સ્વીકારે. પછી જ બ્લડ બેંકવાળા તમારા બંને હાથમાંથી સારી દેખાતી હોય તેવી નસમાંથી ૩૦૦ થી ૩૫૦ મીલી લોહી લે છે. પછી બિસ્કીટ અને કોફી આપે છે.

અલ્યા ડાહ્યા, આ તો બધુ ખબર છે પણ એવું સાંભળ્યું છે કે લોહી આપ્યા પછી રક્તદાતાનું વજન વધી જાય છે એ વાત સાચી છે ડાહ્યા ?

ડાહ્યાભાઈએ કહ્યું ના એ ખોટું છે. શરીરમાં ૭-૮ લીટર લોહી હોય છે. જેમાંથી ૩૦૦ મીલી. દાન કરવાથી કઈ પણ શરીને તકલીફ પડતી નથી. લોકો જાડા થતા નથી પણ જે રક્તદાન કરે છે તેને સાયકલોજીકલી એવું લાગે છે કે, મારામાં નબળાઈ આવી જશે અને તેથી અજાણતા તેનો ખોરાક વધી જાય છે અને તેને લીધે કદાચ વજન વધતું હશે.

અલ્યા ડાહ્યા, આ લોહી પછી જેને જરૂરિયાત હોય તેને આપી દેવાય છે? જેમ અમર, અકબર, એન્થોની સુધી જ લોહી ચડાવતા બતાવવામાં આવે છે. ના, ના એવું ના હોય. લોહી લેતા પહેલાં અથવા પછી લોહીના ટેસ્ટ કરવામાં આવે છે. જો પહેલા ટેસ્ટ કરવામાં આવે તો રક્તદાતાને બે વાર જવું પડે. બધી બ્લડબેંક પહેલા લોહી લઈ લે છે પછી ટેસ્ટ કરે છે.

ગાંડા હવે સાંબળ જેવું લોહી લેવામાં આવે છે. તેના એઈડ્સ ટેસ્ટ એચઆઈવી કરવામાં આવે છે. કમળાનો ટેસ્ટ hbs Ag કરવામાં આવે છે. હિપેટાઈટીસ-સી કરવામાં આવે છે. સિફિલિસ માટે VDRL કરવામાં આવે છે. અને મેલેરિયા માટે મેલેરિયાનો ટેસ્ટ કરવામાં આવે છે અને બ્લડગ્રુપ કરવામાં આવે છે. આ બધા સેસ્ટ નોર્મલ હોય તો જ લોહીની બોટલ બરાબર કહેવાય પણ ડાહ્યા, મને ખબર છે લોહીમાં ૪ પ્રકારના મુખ્ય ગ્રુપ છે, ઓ-પોઝીટીવ, એ-પોઝીટીવ, બી-પોઝીટીવ અને એબી-પોઝીટીવ એવી જ રીતે એ-નેગેટીવ, બી-નેગેટીવ, ઓ-નેગેટીવ અને એબી-નેગેટીવ. બી પોઝીટીવ સર્વને આપી શકાય. પણ પોઝીટીવને ડાહ્યાભાઈ કહ્યું, 'ગાંડા તારી વાત સાચી છે ને Rh પોઝીટીવ હોય તે બધાને ઓ પોઝીટીવ આપી શકાય પણ હવે તો બ્લડ કોમ્પોનેન્ટને પણ જમાનો છે એટલે ઓ પોઝીટીવની PCV ગમે તે ગ્રુપવાળાને આપી શકાય કારણ કે એમાંથી પ્લાઝમા કાઢી નાખવામાં આવ્યું હોય છે.'ગાંડાથી રહેવાયું નહીં. આ પ્લાઝમાં શું છે? જે લોહી એકત્ર કરવામાં આવ્યું હોય એમાંથી સેન્ટીફ્યુઝ કરીને પ્લાઝમા કાઢી લેવામાં આવે છે. અને આ પ્લાઝમામાં પ્રોટીન, ઈલેકટ્રોલાઈટ, વિટામીન, કેલ્શઈયમ, ફોસ્ફરસ અને પ્લેટલેટ હોય છે. જે દર્દીઓમાં આપવામાં આવે છે. ખાસ કરીને જેમને કમળો થયો હોય, શરીર બળી ગયું હોય એવા લોકોને આપવામાં આવે છે. પ્લાઝમાનો ઉપયોગ ફાર્માસ્યુટીકલ કંપનીઓણાં રસી બનાવવામાં, પ્રોટીન પાઉડર બનાવવામાં થતો હોય છે. ગાંડાથી રહેવાયું નથી પણ આમાં કોરોનાની ટ્રીટમેન્ટ કયાં આવી. ડાહ્યાએ કહ્યું સાંભળ ગાંડા, જે લોકોને કોરોના તયો હોય તેને ૧૫ દિવસ થઈ ગયા હોય તેનું લોહી લઈ તેમાંથી પ્લાઝમા છૂટા પાડી કોરોનાવાળા દર્દીને આપવામાં આવે તો કોરોનાનો દર્દી જલદી સારો થઈ જાય છે. અલ્યા ડાહ્યા એવું શું થાય કે જેનાથી કોરોના મટી જાય તો સાંભળ, ગાંડા, ડાહ્યાએ કહ્યું, પહેલાએ આપણે વાત કરેલી છે ફરીથી કહી દઉં. જેના શરીરમાં કોરોનાના જંતુ અથવા વાયરસ દાખલ થાય છે. એ વખતે ભગવાને શરીરમાં એવી શક્તિ આપેલી છે કે જે તેને મારવા માટે શરીર પ્રયત્ન કરે જે રોગપ્રતિકારક શક્તિ પર આધાર છે. જેનામાં રોગપ્રતિકારક શક્તિ સારી હોય એટલે કે ઈમ્યુનિટી સારી હોય તેમાં શરીર તરત જ કોરોનાના વાયરસ સામે યુદ્ધ કરે છે. યુદ્ધ કરવાનું સાધન છે. તેને એન્ટીબોડી કહેવાય છે. શરીર સારું હોય તો કોરોના સામે એન્ટીબોડી ઝડપથી બને છે. અને આ એન્ટીબોડી કોરોનાના એન્ટીજનને દબાવી દે છે અને એના ઉપર એન્ટીબોડી હાવી થઈ જાય છે. રોગપ્રતિકારક શક્તિ સારી હોય તો કોરોનાનું દર્દી અઠવાડિયામાં રોગમુક્ત થઈ જાય છે. એટલે ૧૪ દિવસ પછી શરીરમાં કોરોનાના એન્ટીબોડી સારા એવા પ્રમાણમાં હોય છે. ૧૪ દિવસ પછી એ કોરોનાથી મુક્ત થયેલ માણસનું લોહી લઈ, પ્લાઝમા છૂટી કરી કોરોનાના દર્દીને આપવામાં આવે છે. જેનાથી કોરોનાના દર્દી બહારના એન્ટીબોડી મેળવે છે જેનાથી એક્ટિવ વાઈરસ ઉપર તેની જલદી અસર થાય છે. કોરોના દર્દી ઝડપથી સારો થઈ જાય છે. તો ડાહ્યાઆ ૧૦૦ ટકા સાચું છે ? જો ગાંડા અત્યારે ઘણા બધા રાજયો પ્લાઝમા થેરાપી પર કામ કરી રહ્યા છે. એ દિવસો દૂર નથી જયારે કોરોના જેવા વાઈરસ ઈન્ફેકશનમાં પ્લાઝમા થેરાપી કારગર સાબિત થશે. ઝીકા વાયરસના ઈન્ફેકશનમાં પ્લાઝમા થેરાપી ૧૦૦ ટકા કરે છે. જો કે અત્યારે ડૉકટર અને વૈજ્ઞાનિકોમાં બેત છે. અમુક ડૉકટરો એવું માને છે કે પ્લાઝમા થેરાપીથી અસર થાય છે. અને અમુક ડૉકટરો એવું માને છે કે અસર થતી નથી. એ સમય દૂર નથી કે જેનાથી ૧૦૦ ટકા દર્દીઓ સારા થશે જ.

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

લિયો કલબ ગાંધીનગર દ્વારા યોજાઈ તેમની પહેલી મિટીંગ યોજાઈ. જેમાં તમામ નવા સભ્યોએ, જૂના સભ્યો સાથે વર્ચ્યુઅલ મુલાકાત કરી હતી. આ મીટીંગમાં પ્રમુખ વિનય જયસિંઘાનીએ નવા તથા જૂના સભ્યોની આગતાસ્વાગતા કરી હતી. આ મિટીંગમાં લાયન પ્રમુખ ઉમંગભાઈ પંડ્યા, લાયનેસ પ્રમુખ મિત્તલબેન રાણા, લિયો એમ.ડી.પી. કથન ત્રિવેદી, લિયો એરિયા ચેરપર્સન મોહિત જયસિંઘાની અને તમામ કલબના સભ્યોએ ભાગ લીધો હતો.

મ. દા. ગ્રામસેવા સંકુલ - સાદરામાં વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણીનું ઉદ્‌ઘાટન કરાયું

ચિલોડા, તા. ૧૨

બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે મહાત્મા ગાંધીજીના અને કસ્તુરબાના સંદેશાઓ પાયાના કાર્યકરો અને જનસમૂહ સુધી પહોંચાડવા માટે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરા ખાતે સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસ્તી સપ્તાહ ઉજવણીનું ઉદ્‌ઘાટન ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વેબીનાર કુલનાયક ડૉ. અનામિકભાઈ શાહના અધ્યક્ષીય વાર્તાલાપ સાથે થયું.

જોઈન્ટ કમિશનર હાયર એજ્યુકેશન ગૂજરાત રાજયના જયનારાયણ માધુએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વ્યાખ્યાન આપ્યું હતું. ભારતીય શિક્ષણ સંઘ અને ગૂજરાત વિદ્યાપીઠના સિનિયર ટ્રસ્ટી ડૉ. મદાકિની પરીખએ ગાંધી વિચારોના માર્ગે વસ્તી વધારો અટકાવવાના ઉપાયો સૂચવ્યા હતા. ડૉ. અસણભાઈ ગાંધીએ યુવાનોની ભૂમિકા વિશે ચર્ચાઓ કરી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ વિશ્વ વસ્તી દિન અને ભારતની વસ્તીના સ્વરુપની આંકડાકીય માહિતી અને વસ્તી નિયંત્રણ કરવામાં જનસમુહની ભાગીદારી વિશે વાર્તાલાપ કર્યો હતો.



અમદાવાદની પાંચ વર્ષની 'ટેણી' શનાયાને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સમાવેશ

પાંચ વર્ષની શનાયા એ કેનવાસ ઉપર રંગ સાથે ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવી પરિવારમાં ઉમંગ પણ ભર્યો

ગાંધીનગર તા.૧૨

કળા એ ભગવાનની દેન છે માણસે તો ફક્ત એ કળાને જાણી એને સુંદર રીતે મઠારવાની હોય છે. કળાને કોઈજ બાધ નથી, ના એને ઉમર નડે છે, ના મઝહબ કે ના તો એને કોઈ ભાષાની જરૂર છે! બસ આંગળીઓના ટેરવે થોડી લાગણી, નિખાલસતા, પ્રેમ, રંગ અને અબોધતા ને રાખીએ અને જે રચના બને એ અદ્ભૂત જ હોય! બસ એવું જ અદ્ભૂત કાર્ય અમદાવાદની ફક્ત પાંચ વર્ષની છોકરી શનાયાએ એના નાના - નાના હાથો વડે સુંદર પેઇન્ટિંગ્સ બનાવી ને કર્યું છે. એના આ નિખાલસ કાર્યની નોંધ 'ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ' એ લીધી છે જે ઈન્ડિયા બુક ૨૦૨૧માં નોંધાયું છે. ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદમાં યોજાયેલા પેઇન્ટિંગ્સ શૉ 'હાર્ટ શૉ ૨૦૨૦' માં જાતે બનાવેલી મૌલિક સ્પેકટેક્યુલર પેઇન્ટિંગ્સ સાથે એક્ઝિબિશનમાં ભાગ લીધો હતો. આ શૉમાં અલગ - અલગ ૫૮ સિનિયર કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં શનાયા સૌથી નાની પાર્ટીસિપન્ટ હતી. તેમજ શનાયા દ્વારા બનાવવામાં આવેલા બંને ચિત્રો સોલ્ડ આઉટ થઈ ગયા હતા. આ શૉ હથીસિંગ અને કનોરિયા આર્ટ ગેલેરી ખાતે યોજાયો હતો. શનાયા અમદાવાદની આનંદ નિકેતન શિલજ કેમ્પસ સ્કૂલમાં ગ્રેડ કે - ૧ (જુનિયર કે.જી)માં અભ્યાસ કરે છે. શનાયાને આ કળા એમની માતા સપના (ફાઈન આટર્સ પેઇન્ટિંગ્સ) અને પિતા એડવોકેટ રિદ્ધેશ ત્રિવેદી દ્વારા ગળથુથીમાં જ મળેલ છે.

શનાયાએ નેચરને લગતા પેઇન્ટિંગ્સ બનાવ્યાં છે. એ પોતાના ક્રિએટીવ ઈમેજીનેશનને એક્રેલીક કલર્સ વડે કેનવાસ પર ઉતારે છે. સેલ્ફ ટોટ શનાયા જુદા જુદા રંગો સાથે રમીને પેઇન્ટિંગ્સ તૈયાર તૈયાર કરે છે. જે ખૂબ જ કલરફુલ હોય છે. પાંચ વર્ષની ઉંમરે રંગોને સમજી તેના અલગ અલગ કોમ્બિનેશન બનાવી નેચરને રિપ્રેસન્ટ કરતા કલરફુલ ચિત્રો કેનવાસ પર કંડારે છે. એક પાંચ વર્ષનું બાળક નેચરને સમજે છે અને એ સમજને કઈ રીતે ઉતારે છે એ વાસ્તવિકતા લોકો સામે મુકવાનો પ્રયત્ન કર્યો હતો. શનાયા કોઈજ પેઇન્ટિંગ્સ ક્લાસિસમાં નથી ગઈ. એનો કલર્સ સાથે રમવાનો શોખ તેમજ એની મૌલિક ઈમેજીનેશન એને સુંદર ચિત્રો બનાવવા તરફ પ્રેરે છે. શનાયાએ 'કોફી વિથ ક્રિએટિવિટી' ટોક શોમાં એના પેઇન્ટિંગ્સ વિશે ચર્ચા પણ કરીહતી જેની દિગ્ગજ કલકારોએ નોંધ લીધી હતી.

શ્રી વિજય ઉ.બુ.ઉચ્ચત્તર મા.શાળા ચાંદરેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૨

પર્યાવરણની જાળવણી અને સંવર્ધન સુરક્ષા માટે રાજયમાં સરકારી અને બિનસરકારી સંસ્થા દ્વારા વૃક્ષો વાવો - પર્યાવરણ બચાવો - વરસાદ લાવો ના સૂત્રને સાર્થક કરવા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના બાયક તાલુકાના ચાંદરેજ ખાતે આવેલી શ્રી વિજય ઉ.બુ. ઉચ્ચત્તર મા.શાળામાં અવરલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેકટર શૈલેષભાઈ પટેલના હસ્તે વૃક્ષોરોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વોદય કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ડાયરેકટર મહેશભાઈ પટેલ અને સારસ્વત મિત્રો દ્વારા શાળાના ચોગાનમાં વૃક્ષો વાવી તેનું જતન કરવા સંકલ્પ લીધા હતા.

હેલ્પિંગ હેન્ડ દ્વારા દસ દેશોમાં 'સેલ્ફી વિથ ધ પ્લાન્ટ'ની આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

જે જંગલોના કાપણી અને હવામાન પલટા સામે લડવાનો મજબૂત સંદેશ આપે છે. હેલ્પિંગ હેન્ડ ઈન્ટરનેશનલ એ એક સંસ્થા છે જે ગુજરાત મા સ્થાપના થઈ અને કાર્યરત છે. આ સંસ્થાની સ્થાપના ધ્રુવ પંચાલના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૧૬ માં થઈ હતી અને આજે હેલ્પિંગ હેડ ઈન્ટરનેશનલની પ્રવૃત્તિ આજે વિશ્વના વીસ(૨૦) અલગ અલગ દેશ મા છે સંસ્થાની દ્રષ્ટિ એ છે કે "લોકોનું જીવન ધોરણ સુધરે 'સર્વાંગી સમૃદ્ધિ અને સામાજિક ન્યાયનો લાભ મળે, યુએન એસડીજી ૧૭, સ્પ્રેડિંગ પીસ, વિશ્વભરના યુવાનોમાં સામાજિક સક્રિયતા'માટે આ સંસ્થા મુખ્યત્વે કામ છે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૩૦ સુધી વૈશ્વિક સહયોગ અને વિચારોના આદાનપ્રદાન તેનું મુખ્ય લક્ષ્ય છે. વિશ્વભરના દેશો. ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણ ને કારણે દર વર્ષે લગભગ ૮ કરોડ વૃક્ષો કપાઇ રહ્યા છે આણે વિશ્વમાં કાર્બન ડાયોક્સાઇડ અને અન્ય ગ્રીનહાઉસ વાયુઓની ટકાવારી વધારીને અસર કરી છે વાતાવરણ આ એક મોટો મુદ્દો બની ગયો છે જેનો વિશ્વભરના યુવાનોએ સામનો કરવો પડે છે. વોરન બફેટે એકવાર કહ્યું હતું કે 'કોઈ આજે છાંયડામાં બેઠું છે કારણ કે કોઈએ લાંબા સમય પહેલા ઝાડ રોપ્યું હતું.' આ નિવેદનની પ્રેરણાથી, એચ.એચ.આઈ. ના સ્થાપક ધ્રુવ પંચાલે "સેલ્ફી વિથ ધ પ્લાન્ટ" નામની પહેલ બનાવવાનું નક્કી કર્યું.

લાયસન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેટરર-૨૧ શાકમાર્કેટના ફેરિયાઓ, સફાઈ કામદારો, નાનાં વેપારીઓને સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આનો લાભ અંદાજે ૪૦૦ લોકોએ લીધો હતો. પૂર્વ પ્રમુખ લાયન ડૉ. એ.આર. પટેલ દ્વારા આ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ ગાંધીનગરના પ્રમુખ, પૂર્વ પ્રમુખ તેમજ લાયન્સ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હેલ્પ ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા ૫૦ બોટલ રક્તદાન કરાયું

ગાંધીનગર, તા. ૧૨

હેલ્પ ગ્લોબલ ફાન્ડેશન, ગુજરાત-ભારત દ્વારા બ્લડ સેવા સમિતિ ગાંધીનગર અને પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫એ, ગાંધીનગરના સહયોગથી ૧૨મી જુલાઈ, ૨૦૨૦ના રોજ ૯ થી બપોરે ૨ કલાક દરમિયાન પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫એ, ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પના આયોજન માટે સંસ્થા દ્વારા ઓનલાઈન લિંકથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૦ જેટલા રક્તદાતાઓએ નોંધણી કરાવી હતી. નોંધાયેલા રક્તદાતાઓને અલગ-અલગ સમય ફાળવી સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે રીતનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પની સફળતા માટે જાણીતા ગાયક કલાકારો રોહિત ઠાકોર, સુરેશભાઈ તપોધન, મુકેશસિંહ ઠાકોર તથા યુવા અગ્રણી રાજભા ઠાકોરેએ સોશિયલ મીડિયા પર અપીલ કરી હતી. આ ભગીરથ કાર્યમાં જોડાવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગર મનપાના ભાજપા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ અને પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન ઉપસ્થિત રહી રક્તદાતાઓ સાથે ચર્ચા કરી સંસ્થાના ભગીરત કાર્યને બિરદાવ્યું હતું. હેલ્પ ગ્લોબલ ફાઉન્ડેશન સંસ્થાના શિવાજી ઠાકોર, ભરતજી ઠાકોર, સુનિલસિંહ ચૌહાણ, જિજ્ઞાસા ઠાકોર, નરેન્દ્રસિંહ ઠાકોર સહિત સંસ્થાના કર્મઠ કાર્યકર્તાઓએ આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.